# અરવલ્લીમાં મચ્છરજન્ય રોગચાળો બેકાબુ બનતાં તંત્ર ઉંધા માથે...!!!

## ૧૭૪ ગામડાઓમાં સર્વેલન્સ : ૮૮૯ લોકોના લોહીના નમૂના લીધા

મોડાસા (બ્યુરો ઓફીસ)તા.૨૨
અરવલ્લી જિલ્લામાં મચ્છરજન્ય રોગચાળો બેકાબુ બનતાં આરોગ્યતંત્ર ઉંધા માથે પટકાયું છે.વરસાદ બાદ વાહકજન્ય રોગચાળો રોકવાની કામગીરી બેઅસર સાબિત થઈ છે.જેથી વિભાગ દ્વારા જિલ્લાના ૧૭૪ ગામોમાં તાબડતોબ સર્વેલન્સ શરૂ કર્યો છે.આરોગ્યની ૩૨૭ ટીમો એ ૧૦૩૩ સ્થળેથી મચ્છરની ઉત્પતિ શોધી કાઢી દવાનો છંટકાવ શરૂ કર્યો છે.

જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા વાહકજન્ય રોગચાળાને અંકુશમાં લાવવા માટે મેધા સરવેલન્સ શરૂ કર્યું છે જિલ્લાના બાયડ,ધનસુરા,મોડાસા, માલપુર, મેધરજ અને ભિલોડા સહિતના તાલુકાઓમાં મેલેરિયા,ડેન્ગ્યુ અને વાઈરલ



બીમારીના કેસમાં સતત વધારો થતાં ૨,૧૬,૫૧૮ લોકોની આરોગ્ય તપાસ ઘેર ઘેર જઈ શરૂ કરવામાં આવી છે જેમાં તાવ,શરદી અને ઉધરસનાં લક્ષણો ધરાવતા કુલ ૮૮૯ લોકોના લોહીના નમૂના લઈ લેબોરેટરી પરીક્ષણ માટે મોકલી આપ્યા છે.વર્તમાન સિઝનમાં ડેન્ગ્યુ ના રોગચાળાએ માથું ઉચક્યું છે જેના કારણે તંત્ર દોડતું થયું છે.વરસાદ બાદ જિલ્લામાં મચ્છરનો ઉપદ્રવ વધી જતાં બીમાર દર્દીઓથી દવાખાના ઉભરાઈ રહ્યા હોવાથી ખાસ કરીને સર્વેલન્સ ઉપર વધુ ધ્યાન રાખી ૧૦૩૩ સ્થળોએ મચ્છરો ના નાશ માટે કામગીરી હાથ ધરવામાં આવી છે.હમણાં સુધી આરોગ્ય વિભાગ જે વિસ્તારોમાં મેલેરિયા કે શંકાસ્પદ ડેન્ગ્યુ નો કેસ નોંધાય તે વિસ્તારમાં દવા છંટકાવ માટે દોડતું હતું પણ હવે વાહકજન્ય રોગચાળો વધુ વકરતાં તમામ વિસ્તારોને આવરી લઈ આરોગ્યલક્ષી કામગીરી શરૂ કરી છે.

# થરા એપીએમસી દ્વારા પ્રધાનમંત્રીના જન્મદિને ૫ હજાર વૃક્ષોનું વાવેતર



પાલનપુર, તા. ૨૨
કાંકરેજ તાલુકાના ઝાલમોર ગામ સહીત અન્ય ગામોમાં માર્કેટ યાર્ડ થરા દ્વારા દેશના પ્રધાનમંત્રીના ૭૧ માં જન્મદિને થરા માર્કેટ યાર્ડના ચેરમેન અને બનાસ બેંક તેમજ બનાસ ડેરીના ડિરેક્ટર અને ભાજપના અગ્રણી અણદાભાઈ પટેલ ની આગેવાનીમાં જીલ્લા ભાજપના મહામંત્રી ડાયાભાઈ પિલિયતર, જીલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી અને યુવા નેતા ભારતસિંહ ભટેસરીયા, કાંકરેજ તાલુકા ભાજપના પ્રમુખ ઈશ્વરભાઈ પટેલ,હરગોવનભાઈ શિરવાડીયા, અમીભાઈ દેસાઈ, હસમુખભાઈ પટેલ(સેક્રટરી ) કરશનભાઈ પટેલ હેમાભાઈ પટેલ, મનુભાઈ જોશી તેમજ આરોગ્ય અને વનવિભાગના કર્મચારીઓ સહિતની ઉપસ્થિતિ માં ઝાલમોર આરોગ્ય કેન્દ્ર ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૧ માં જન્મદિને ૧૧૧૧ વૃક્ષો નું વાવેતર કરાયું હતું આ ઉપરાંત આજના દિને નાણોટા સહીત અન્ય ગામોમાં કુલ ૫૦૦૦ વૃક્ષોનું વાવેતર કરાયું હતું જેનાથી ઓક્સીજનનું પ્રમાણ વધશે.

## જન્મદિને વધામણી



મુકુંદભાઈ પટેલ
બાયડ



કોકિલાબેન ભરતભાઈ ઉપાધ્યાય
૧૦,વિવેકાનંદ સોસાયટી , બાયડ

# ભાદરવો ભરપૂર : સાબરકાંઠા - અરવલ્લીમાં ૪ લાખથી વધુ હેકટર વાવેતરને ફાયદો થશે

## માફકસરનો વરસાદ રહ્યો તો ઉત્પાદન વધશે

બાયડ, (બ્યુરોઓફીસ) તા. ૨૨
સાબરકાંઠા અને અવલ્લી જિલ્લામાં ભાદરવો ભરપૂર રિઝ્યો છે.સાર્વત્રિક વરસાદથી ખેતીને ફાયદો થવાની ધારણા સાથે હવે વધુ વરસાદ ખેતી માટે જોખમી પણ બની શકે તેવી સ્થિતિ છે. બંને જિલ્લામાં ચાર લાખથી વધુ હેકટર જમીનમાં ખરીફ વાવેતર થતાં હાલ એકંદરે પાક માટે સારો કહી શકાય તેવો વરસાદ વરસી રહ્યો છે જેથી પાક ઉત્પાદનમાં વધારો થઈ શકે છે.

જિલ્લામાં પાછલા કેટલાક સમયથી વરસાદની પેટર્ન બદલાઈ રહી છે. ખેડૂતો ઉતાવળે મોસમનો મિજાજ પારખતા નથી અને વહેલું વાવેતર કરી મુશ્કેલીમાં મૂકાય છે.આ વર્ષે પણ એવું જ થયું જેમાં વાવાઝોડાની અસરથી વરસેલા વરસાદને નિયમિત ચોમાસું માની ખેડૂતો ભૂલ કરી બેઠા હતા પરંતુ પાછળ થી



સિંચાઈના પાણી આપ્યા બાદ વરસાદ વરસ્યો જેના કારણે ખેતીનું ચિત્ર સુધારા ઉપર આવ્યું છે.અરવલ્લી જિલ્લા ખેતી અધિકારી જે.આર. પટેલ પણ ચોમાસાની પેટર્ન બદલાઈ હોવાનું સ્વીકારી ખેડૂતોએ ચોમાસું સિઝનમાં દેખા દેખીમાં વાવેતર કરવાના બદલે ટ્રાયબલ વિસ્તારોમાં મકાઈ અને તુવેરના આંતર પાકનું આયોજન કરવું જોઈએ તેમ જણાવી રહ્યા છે.જેથી વરસાદ ની ઘટ કે વધુ વરસાદ સમયે ખેડૂતો મોટા નુકસાનથી બચી શકે .જોકે હાલ તો બંને જિલ્લામાં ખેતી માટે સારો વરસાદ વરસી રહ્યો છે તે જોતાં પાક માટે અનુકૂળ માહોલ છે.ઉલેખનીય છે કે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ખરીફ ખેતીમાં ભાદરવાના વરસાદ થી ફાયદો જ ફાયદો છે પણ સપ્ટેમ્બર ના અંત સુધી સતત વરસાદની હાજરી રહી તો નુકસાનરૂપ સાબિત થવાની સંભાવના ખેતી સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે.આ વર્ષે વાવેતર પછી વરસાદ ખેંચાતા ખેડૂતોના જીવ ઉચાટમાં આવી ગયા હતા પણ હવે સાર્વત્રિક વરસાદ થી ખેડૂતોના જીવને ઠંડક મળી છે.

# અંબાજીમાં માઈભક્ત દ્વારા માં અંબાને ૫૦૦ ગ્રામ સોનુ અર્પણ કરાયું

## અંદાજીત ૨૪ લાખ ૫૦ હજાર રૂપિયાનું સોનાનું દાન માઇભક્તે આપ્યું



પાલનપુર, તા. ૨૨
અંબાજીમાં માઈભક્ત દ્વારા માં અંબા ને ૫૦૦ ગ્રામ સોનુ અર્પણ કરાયું છે.તે અંદાજીત ૨૪ લાખ ૫૦ હજાર રૂપિયા નું સોનાનું દાન માઈભક્તે આપ્યું છે અંબાજી મંદિર ના સુવર્ણમય શિખરની કામગીરીમાં માઈભક્તે યોગદાન આપ્યું છે. સુપ્રસિદ્ધ વિશ્વ વિખ્યાત અંબાજી મંદિર ને સુવર્ણમય બનાવવાની એક નેમ છે.અને અર્થે કામગીરી થઈ રહી છે. અનેક માઈભક્તો સોના નું દાન કરી રહ્યા છે.ત્યારે સોમવારે ભાદરવી પૂનમ ને લઈ લાખો ભક્તો માંના દર્શન માટે આવી રહ્યા છે. ત્યારે અમદાવાદ ના નવનીત ભાઈ શાહ નામના માઈ ભક્તે ૫૦૦ ગ્રામ સોનું દાન કર્યું હતું દર વર્ષે તેઓ ૧ કિલો સોનું દાન કરે છે.છેલ્લા વીસ વર્ષ થી સતત આ પરંપરા નિભાવી છે. માં અંબા નું સોનાના શિખર ની કામગીરી ચાલી રહી છે.જેમાં માં અંબાના મંદિર ને સુવર્ણમય બનાવવા અનેક માઈભક્તો દાન ની સરવાણી વહાવી રહ્યા છે.ત્યારે માઈભક્તો થકી મા અંબા નું અંબાજી મંદિર જલ્દી સુવર્ણમય બનશે એવી આશા સેવાઈ રહી છે.

## રક્તદાન મહાદાન

### થરામાં પ્રધાનમંત્રીના જન્મદિને હોમિયોપેથી દવાનું મફત વિતરણ કરાયું

પાલનપુર, તા. ૨૨
વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસ નિમિતે થરા ઈન્દીરાનગર ખાતે આવેલ પ્રાથમિક શાળામાં વડા પી એચ સી દ્વારા હોમોએપેથીક દવા નો ફ્રિ કેમ્પ યોજવામાં આવ્યો હતો આ કેમ્પમાં ગુજરાત રાજયના હોમીયોપેથી કાઉન્સિલ મેમ્બર અને ભાજપના અગ્રણી ડૉ રાજેશ બ્રહ્મભટ્ટ ની ઉપસ્થિતિમાં અને થરા શહેર ભાજપ પ્રમુખ અનુભા વાઘેલા,તેમજ મેડિકલ ઓફિસર ડૉ ભરત પટેલની ઉપસ્થિત મફત દવાનું વિતરણ કરી દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ૭૧ માં જન્મદિનની ઉજવણી કરવામાં આવી હતી આજના પ્રસંગે આરોગ્ય અને સુખાકારી વધે તેવી કામના વ્યક્ત કરાઈ હતી

# સચિવાલયના દરવાજા ખોલ્યા: જિલ્લાના કાર્યકરો ગાંધીનગર ભણી

## હવે નવા મંત્રીઓ કામ કરી દેશે તેવા ભાવ પ્રગટ કરવા સાથે શુભેચ્છાઓનો ધોધ વહ્યો

બાયડ, તા. ૨૨
ગુજરાતમાં નેતૃત્વ પરિવર્તન, તમામ નવા મંત્રીઓને રાજયનો વહીવટ સંભાળવા હાઈકમાન્ડે કમાન સોંપતાં ભાજપાના કાર્યકરોમાં વર્ષ ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીનો જંગ જીત્યા જેવી ખુશાલી છે. નવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા સ્વર્ણિમ સંકુલની મુલાકાત માટે દરવાજા ખોલવાના નિર્ણયથી ભાજપા કાર્યકરો ઘેલમાં આવી ગયા છે. વર્ષો સુધી મંત્રી પદે રહી ખડ્ડુશ બનેલા અનેક મંત્રીઓએ પોતાના કાર્યકરોના કામ ન કરતાં નારાજ હતા અને હવે નવા મંત્રીઓ કામ કરી દેશે તેવા ભાવ પ્રગટ કરવા સાથે સુભેચ્છાઓનો ધોધ વરસાવવા સાબરકાંઠા-અરવલ્લીના કાર્યકરો ગાંધીનગર ભણી દોટ લગાવી રહ્યા છે.

પ્રજાને સહજ મળતા, પ્રજા મનમાં વિચારે કે કામોનું સરકાર વિચારતી અને એકાએક મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણીએ રાજીનામું આપતાં એક તબક્કે ભાજપા હાઈકમાન્ડનો આ નિર્ણય આત્મઘાતી તો નહીં હોય ને!! એક જ ઝાટકે જૂના મંત્રીઓને પૂર્વ મંત્રી બનાવી આખેઆખું નવું મંત્રીમંડળની રચના એ ભાજપા હાઈકમાન્ડના નિર્ણયથી રાજની પ્રજા ખુશ થઈ વિપક્ષો પણ ભાજપા હાઈકમાન્ડના નિર્ણયથી સ્તબ્ધ બની રહ્યા.નવા મંત્રીઓ અને મુખ્યમંત્રીએ આવતાની સાથેજ લોકાભિમુખ વહીવટની તાસીર દેખાડી તેના કારણે ભાજપના કાર્યકરો અને સામાન્ય પ્રજામાં નવી - કોરી સ્લેટ વાળી સરકારની સારી છબી આકાર લઈ રહી છે. આગામી ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં નો રિપિટ થીયરીનો અમલ થવાના ગણિતથી અત્યારથી જ ભાજપના જૂના કાર્યકરો પોતાનું કિસ્મત ખૂલશે તે ગણતરીએ અત્યારથી જ પક્ષના દરેક કાર્યક્રમ, મેડાવડામાં હાજર રહેતા અને દાન કરતા જોવા મળે છે. આગામી દિવસોમાં ભાજપાના કાર્યકરો માટે પ્રજાના અધુરા કામ નવા મંત્રીઓ પાસે પુરા કરાવવાનો પડકાર છે. પરંતુ નવા મંત્રીઓ પાસે માત્ર ૧૪ મહિનાનો સમય છે એટલે પ્રજાલક્ષી કામો માટે ટી-૨૦ ની જેમ રમવા સિવાય છૂટકો નથી નહીંતર નવા મંત્રીઓની ફરી ધારાસભ્ય બનવાના સ્વપ્ન ઉપર પાણી ફરી વળે તેમ છે.

## બાલારામ નજીક વનરજીમાં આવેલ કોચરી ડેમ છલોછલ ભરાયો

પાલનપુર, તા. ૨૨
બનાસકાંઠા જિલ્લાના મીની કાશ્મીર તરીકે ઓળખાતા બાલારામની વનરજીમાં બિરાજમાન ધારમાતા મંદિર પાસે પસાર થતી લોકમાતા પર્ણાશા નદીમાં વરસાદી પાણીના સંગ્રહ માટે કોચરી ચેક ડેમ બનાવવા માં આવેલ છે જેમાં છેલ્લા અઠવાડિયામાં અંબાજી વિસ્તારમા સારા પ્રમાણમાં વરસાદ થતાં પર્ણશા નદીમાં નવા નીરની આવતા થતા કોચરી ડેમ બન્ને કાંઠે છલોછલ ભરાઈ જતા લોકોમાં ખુશાલી પ્રવર્તવા પામી છે જોકે અરવલ્લી ની પહાડીઓ અને ગાઢ જંગલની વનરાજી વચ્ચે આવેલ ચેકડેમ પર્યટકો માટે જોકેલાયક સ્થળ બની રહ્યો છે જેમાં બાલારામ ખાતે ભગવાન ભોળાનાથના દર્શને આવતા લોકો હાલ ચોમાસાની સીઝનમાં પાણીથી ભરેલા ચેકડેમને નિહાળવા ઉમટી રહ્યાં છે

# દલપુર ખાતે છેલ્લા કેટલાય સમયથી ખાલી પડેલ તલાટીની નિમણૂક થતા ગ્રામજનોમાં આનંદ

**છેલ્લા દશ મહિનાથી ગ્રામ પંચાયતમાં તલાટી ની જગ્યા ખાલી હતી : ગ્રામજનોએ ફટાકડા ફોડી, ડીજે વગાડીને તલાટીનુ સ્વાગત કર્યુ: કંકુ ચોખા ફુલહાર પહેરાવી ગોળ ધાણાં ખખડાવીને તલાટીના વધામણા કર્યા : ચાર્જમા રહેલ તલાટી નીજ નિમણૂક દલપુર ખાતે કરાતા ગામજનો મા ખુશી**

પ્રાંતિજ તા.૨૨
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના દલપુર ખાતે આવેલ ગ્રામ પંચાયતમાં છેલ્લા કેટલાય સમય થી તલાટીની જગ્યા ખાલી હોય અને તલાટીની નિમણૂક કરવામા આવતા ગ્રામજનોમા આનંદ જોવા મલ્યો હતો. સાબરકાંઠા જિલ્લામા જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સમગ્ર જિલ્લામા ૧૭૧ તલાટી કમ મંત્રીઓની બદલી કરાતા પ્રાંતિજના દલપુર ખાતે આવેલ ગ્રામ પંચાયતમાં છેલ્લા દશ મહિનાથી ઈન્ચાર્જ તલાટી તરીકે ચાલતી હતી તો મોયદ ખાતે ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટી જિગરભાઈ પટેલ ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવતા હતા તો જિલ્લા વિકાસ અધિકારી દ્વારા તેવોની બદલી દલપુર ખાતે કરવામા આવતા દલપુર ગ્રામજનો મા ખુશી જોવા મળી હતી અને ગ્રામજનો દ્વારા ફટાકડા ફોડી,ડીજે વગાડી ને જિગરભાઇ ને વધાવ્યા હતા તથા ઉપસ્થિત ગ્રામજનોએ કંકુ-ચોખા ફુલહાર પહેરાવી ગોળ ધાણા ખખડાવીને સ્વાગત કર્યુ હતુ તો ગ્રામજનોનુ કહેવુ છે કે જિગરભાઈ છેલ્લા દશ મહિના થી દલપુર ગામે નિયમિત હાજરી આપી ગામના નાનામા નાના માણસોનુ કામ કરી આપી તથા વડાપ્રધાન ની જન કલ્યાણ કારી યોજના ઓનો લાભ ગામના છેવાડાના ગામજન સુધી પહોંચે તે માટે જિગરભાઈએ ખુબજ પ્રયત્નો કર્યા જેથી ગ્રામજનો દ્વારા જિગરભાઈ ની ગ્રામ પંચાયત નિમણૂક થતા ડીજે સાથે ભવ્ય સ્વાગત કર્યુ હતુ.

### કુદરતે પ્રજાને ભયના ઓથાર હેઠળ લાવી દીધી

# સાબરકાંઠા - અરવલ્લી જિલ્લામાં વરસાદ ઓછો, ડરામણા વિજકડાકા વધુ

## દિવસ-રાત્રી દરમિયાન પ્રચંડ વિજકડાકાથી પ્રજામાં ઉચાટ

બાયડ, તા. ૨૨
ભારે વરસાદની આગાહી વચ્ચે જિલ્લામાં કયાંક વરસાદની વરસી રહ્યો છે. પરંતુ છેલ્લા ૪ દિવસ દરમિયાન વરસાદ ઓછો અને ડરામણા વિજ કડાકા વધુ જેવી સ્થિતિથી પ્રજામાં ઉચાટ જોવા મળ્યો છે.

આ વર્ષે વરસાદના કારણે કરીફ વાવેતરને જીવતદાન મળ્યું છે. ભાદરવામાં આકરો તાપ અને વીજળીના કડાકા સાથે કયાંક સારો તો કયાંક મધ્યમ વરસાદ વરસે છે ગત તા. ૧૯ સપ્ટેમ્બરથી સાબરકાંઠા - અરવલ્લી જિલ્લામાં અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી પરંતુ ભારે વરસાદ કરતાં પ્રથમવાર વીજળીના સૌથી વધુ ડરામણા વિજળીના કડાકાએ પ્રજા - ખેડૂતો અને માલધારીઓને ચિંતામાં લાવી દીધા છે. આ વરસે બાયડ, ધનસુરા, મોડાસા, માલપુર, તલોદ પંથકમાં દિવસે ડરામણા વીજળી કડાકાથી નજીકમાં જ વીજળી પડ્યાનો આભાર થઈ રહ્યો છે. તે જ રીતે સમી સાંજની રાત્રી દરમિયાન ઘરમાં પુરાઈ રહેવા મજબૂર કરી દીધા છે. દેશના અનેક વિસ્તારોમાં વિજતાંડવથી ૩૦૦ થી વધુ લોકોના મોત નિપજ્યા છે. ત્યારે સાબરકાંઠા - અરવલ્લીમાં વિજળી ત્રાટકવાના બનાવોમાં પશુ મૃત્યુ વધ્યા છે. પરંતુ પાછળા જ દિવસથી વીજળીના તાંડવની અનેકલોકો ભયના ઓથાર હેઠળ આવી ગયા છે.





**મેઘધનુષ :** બનાસકાંઠાના જલોતરા નજીક અરવલ્લીની ગીરિમાળામાં મેઘધનુષ ખીલી ઉઠતાં હાલની વર્ષાઋતુમાં પ્રકૃતિ જાણે મેઘ ધનુષના રંગે રંગાઈ હોય તેવો અદભુત આકાશી નજારો સર્જાયો હતો.

# પાલનપુર એરોમા સર્કલ પર કતલખાને લઈ જવાતા પાડા ભરેલી ટ્રક ઝડપાઈ

પાલનપુર, તા. ૨૨
દાંતીવાડાના હિમાલય કુમાર રમેશભાઈ માલોસણીયા પાલનપુર સીએનજી પંપ પર તેમના મિત્ર સાથે ઉભા હતા ત્યારે રાજસ્થાનથી તેમના એક મિત્રનો ફોન આવ્યો હતો કે ગેરકાયદેસર પશુઓ ભરેલી ટ્રક પાલનપુરથી પસાર થવાની છે જેનો નંબર પણ આપ્યો હતો જેથી હિમાલય કુમાર અને તેમના મિત્રોએ આ ટ્રક નંબર આર જે જી ડી ૩૫૬૭ ત્યાંથી પસાર થતા તેનો પીછો કર્યો હતો અને એરોમા સર્કલ આગળ ટ્રક ટ્રાફિક હોવાથી ઉભી રહી હતી જેથી તેના ડ્રાઈવર અને ક્લિનરને આ અંગે પૂછતાં તેમણે અમદાવાદ કતલખાને લઈ જવાતી હોવાનું જણાવ્યું હતું જેથી હિમાલય કુમારે પોલીસ કંટ્રોલરૂમમાં જાણ કરતાં પોલીસ ત્યાં આવી હતી અને ટ્રકમાં તપાસ કરતાં ૨૭ નંગ પાડા ભરેલા હતા જેમના માટે ઘાસચારાની કે પાણીની કોઈ પણ વ્યવસ્થા કરી ન હતી જે બાબતે હિમાલય કુમારે પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે ટ્રક ચાલક શાહરુખ મેરાબખાન મુસલા તેમજ ક્લીનર દિનેશ ભેરરામ કોળી વિરૂધ્ધ ફરીયાદ નોધાવતાં પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# દર્શનાર્થીઓની સલામતી માટે ૧૦૮ સ્ટાફ દ્વારા માં અંબાને ધજા ચઢાવી પૂજા કરાઈ

પાલનપુર, તા. ૨૨
ગતવર્ષે ની તુલનાએ આ વખતે કોરોના નો કહેર ઘટ્યો હોવાથી અને સાથે સાથે માં અંબાના દર્શનની છૂટ મળેલ હોવાથી માં અંબાના ધામ માં



ભક્તો ની ભીડ જોવા મળી હતી. આથી GVK EMRI ૧૦૮ દ્વારા પણ દર્શનાર્થીઓ ની સુરક્ષા અને સલામતીને ધ્યાનમાં રાખીને તારીખ ૧૩ સપ્ટેમ્બર થી ૨૧ સપ્ટેમ્બર સુધી કુલ દશ ૧૦૮ એમ્બ્યુલન્સ ખડેપગે રાખવામાં આવી હતી. લગભગ 44 emt pilot નો સ્ટાફ 24X7 આ ખડેપગે રાખવામાં આવેલ હતો. એમ્બ્યુલન્સ માં કુલ ૨૯૪ કેશ નોંધાયા હતા. જે પૈકી લગભગ ૫૦ જેટલા કેસ એક્સિડન્ટ ના હતા, જ્યારે લગભગ ૪૫-૫૦ કેસ ચક્કર, તાવ, પેટ દુ:ખવાના વગેરે હતા. માં અંબાના દર્શનનો તહેવાર સંપૂર્ણપણે સલામત રહ્યો હતો તેની ખુશીના ભાગરૂપે બનાસકાંઠા ૧૦૮ ના સ્ટાફ દ્વારા માં અંબાને ધજા ચઢાવીને આભાર પ્રગટ કરવામાં આવ્યો હતો અને આવતા વર્ષે ફરીથી સજ્જ થઈ ફરજ પર રહેવાની નેમ લેવામાં આવી હતી. માં અંબાના ધજા ચઢાવવામાટે ઉત્તર ગુજરાતના પ્રોગ્રામ મેનેજર કમલેશ પઢીયાર હાજર રહ્યા હતા તથા તેઓની સાથે બનાસકાંઠાના ૧૦૮ ના સુપરવાઈઝર નીતિનભાઈ ગોરદરા, નિખિલભાઈ પટેલ, દિવ્યરાજભાઈ બીહોલા, હાર્દિકભાઈ તેમજ ૧૦૮ ના EMT, પાઈલોટ, ખિલખિલાટના કેપ્ટન વગેરે હાજર રહ્યા હતા અને માં અંબેની જયજયકાર કરતા ધજા ચઢાવી હતી.